e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 367
August 15, 2014

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ફુલપાડા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત :–

પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૭ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૪૩ માં આવેલ "જય ગંગેશ્વર સોસાયટી" નાં પ્લોટ નં.ડી/૩ તથા ડી/૪ નાં મિલકતદાર શ્રી છગનભાઈ રામજીભાઈ વીરડીયા દ્વારા તેઓની મિલકતમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૮/૦૮/૨૦૧૪ ના રોજ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે:–

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વર્કશોપના આયોજન બાબત :–




એસોસીએશન ઓફ મ્યુનિસીપાલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (AMDA), દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકા અને સુડાના સહયોગથી તા.૭ અને ૮ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ ધી ગેટ વે હોટલ, સુરત

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા કરવા બાબત :–

સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા કરવા સારૂ આજરોજ

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેરી વિકાસ સત્તા મંડળની ૨૩૪ મી બોર્ડ બેઠક તા.૦૮/૦૮/૨૦૧૪ બાબત :–

સુરત શહેરી વિકાસ સત્તા મંડળની ૨૩૪ મી બોર્ડ બેઠક તા.૦૮/૦૮/૨૦૧૪ના રોજ સુડા કચેરી ખાતે યોજાયેલ હતી. બેઠકમાં સુડાના ચેરમેનશ્રી, કલેકટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમીટીના

વધુ માટે કલીક કરો >>>>>>

## એકઝીકયુટીવ કમિટિની મીટીંગ બાબત :–

એકઝીકયુટીવ કમિટિની મીટીંગ તા.૦૮–૦૮–૨૦૧૪નાં રોજ સાંજે ૬–૩૦ કલાકે સ્મીમેર મેડીકલ કોલેજનાં "ડી" બ્લોકમાં આવેલ કાઉન્સીલ હોલમાં રાખવામાં આવેલ. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનન આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંથ વિભાગ દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશ :–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.મોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન ખટોદરા વોર્ડ

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૧/૦૮/૨૦૧૪ના રોજ ડિમોલેશન કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે:-

સાઉથ ઝોન (ઉધના)માં એડી. સીટી ઇજનેરશ્રી સુચના અન્વયે અને કાર્યપાલક ઇજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળે ડિમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાખી મેલા–૨૦૧૪

## મિશન મંગલમ્ યોજના (ગ્રામીણ – શહેરી ) હેઠળ કાર્યરત બહેનોના જુથો ધ્વારા રાખડી તેમજ ઉત્પાદીત અન્ય ચીજવસ્તુઓનું વેચાણ :–

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતાને ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવંતા બનાવવાના ભાગરૂપે રક્ષાબંધનના પવિત્રપર્વ નિમિત્તે

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ સરથાણા તથા કરંજ વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી :–

પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક), ફા.પ્લોટ નં. ૧૦/એ માં આવેલ કવિતા રો–હાઉસ વિ–૨ નાં પ્લોટ નં.૬૨ તથા ૧૦૩ નાં મિલકતદારોએ મંજુર પ્લાન વિરૂધ્ધ મિલકતના

વધુ માટે કલીક કરો >>>>>>

### " કર્મયોગી તાલીમ " :–

ગુજરાત સરકારશ્રીનાં " ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ પ્રોજેકટ " અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૨૫૦૦ થી ૩૦૦૦ અધિકારી/ કર્મચારીઓને તા.૧૧/૦૮/૨૦૧૪ થી તા.૦૯/૦૯/૨૦૧૪ દરમ્યાન દરરોજ અંદાજે ૧૦૦ થી ૧૧૫ અધિકારી/ કર્મચારીઓને કર્મયોગી તાલીમ આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે, જેનાં

વધુ માટે કલીક કરો >>>>>>

### માહે જુલાઈ ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૧૪ દરમ્યાન ૪૦૧૫ ઈન્ડોર તથા ૪૪૦૫૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૬૩૬ તથા ૬૪૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૯૮૫૯ એક્ષ–રે

વધુ માટે કલીક કરો >>>>>>

### મહિલા સશકિત કરણ પખવાડીયા અંતર્ગત મહિલા સફાઈ કામદાર સુરક્ષા કાર્યક્રમ :–

માનનીય મુખ્ય મંત્રીશ્રીનાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ અંતર્ગત સુરત શહેર પોલીસ ધ્વારા સુરત મહાનગરપાલિકા મહિલા સફાઈ કામદાર સુરક્ષા કાર્યક્રમનું આયોજન નોર્થઝોન (કતારગામ) નાં કતારગામ કોમ્યુનીટી

વધુ માટે કલીક કરો >>>>>>

### સ્વાતંત્ર્યદિનની પુર્વ સંધ્યાએ તાપી નદી કિનારે આવેલ તમામ ઓવારા ઉપર તાપીમાતાની આરતીનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્યદિનની પુર્વ સંધ્યાએ તાપી નદી કિનારે આવેલ તમામ ઓવારા ઉપર તાપીમાતાની આરતીનો કાર્યક્રમ પદાધિકારીશ્રીઓ/ મ્યુ.સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં તા.૧૪/૦૮/૨૦૧૪ના રોજ

વધુ માટે કલીક કરો >>>>>>

### મહિલા સશકિતકરણ પ્રોગ્રામ બાબત :–

મહિલા સશકિતકરણ પ્રોગ્રામ અન્વયે સુરત મહાનગરપાલિકા અને પોલીસ કમિશ્નરશ્રીની કચેરી દવારા મહિલા સફાઈ કામદાર સુરક્ષા અને કાનૂની શિક્ષણ બાબતે આજે તા.૧૨/૮/૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં

વધુ માટે કલીક કરો >>>>>>

### સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૧૪ની ઉજવણી :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી અંતર્ગત તા.૧૫/૦૮/૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પશ્ચિમ ઝોન (રાંદેર) : ટી.પી.સ્કીમ નં.–૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.–૧૩૨, જયોતીન્દ્ર દવે

વધુ માટે કલીક કરો >>>>>>

### હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ નિવારવા ચાલુ હાલતમાં બાંધકામ ખાતેના મજૂરોમાં મેલેરિયા રોગના અટકાયતી પગલા લેવા બાબત :–

સમગ્ર શહેરમાં મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા મે. કમિશ્નરશ્રી તરફથી આદેશ કરવામાં આવેલ હોય, પક્ષ્મિઝોન વી. બી. ડી. સી.

વધુ માટે કલીક કરો >>>>>>

### S-Connect બાબત :–

સુરત શહેર વિસ્તારમાં આજદિન સુધી કોઈ કાર્યક્ષમ માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા ન હોવાને લીધે મુસાફરી માટે નાગરીકો ધ્વારા પોતાના વ્હીકલની વ્યવસ્થા કરેલ હોવાથી અંદાજે ૩૮ લાખ જેટલા વાહનો રજીસ્ટર્ડ થયેલા છે. જેમાં ૧ લાખ થી વધુ ઓટોરીક્ષાનો સમાવેશ થાય છે. જે ને લીધે ટ્રાફીકની સમસ્યા ખુબ જ જટીલ થઈ ગયેલ છે. ઉપરાંત થયેલ

વધુ માટે કલીક કરો >>>>>>

### નેચરપાર્ક (પ્રાણીસંગ્રહાલય) તથા મ્યુ. એકવેરિયમ :–

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ચાલુ મહિનામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની સાથે સાથે અન્ય જાહેર રજાઓ આવી જતા રજાઓનું મીની વેકેશન સર્જાતા સ્થાનિકો, આજુબાજુના શહેરો, કસ્બા અને ગામોની

વધુ માટે કલીક કરો >>>>>>

### સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેરશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આવેલ

વધુ માટે કલીક કરો >>>>>>

### સલાબતપુરા અને રાદેર કતલખાના તા.૧૭/૦૮/૨૦૧૪ ના દિવસે બંધ રહેવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત

વધુ માટે કલીક કરો >>>>>>

### "S-Connect" પ્લાન બાબત :–

બી.આર.ટી.એસ. કન્સેપ્ટ હેઠળ ચાલુ કરવામાં આવેલ સિટીલિંક બસ સેવા અને સુરત શહેર અંતર્ગત અન્ય વિસ્તારોમાં ચાલુ કરવામાં આવેલ સિટી બસ સર્વિસ (સી.બી.એસ.) ને જોડાણ કરવા હેતુ "S-Connect" પ્લાન હેઠળ

વધુ માટે કલીક કરો >>>>>>

### તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ બંધ રહેવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ,

વધુ માટે કલીક કરો >>>>>>

### "પતેતી શુભેચ્છા સંદેશ" :–

મેયર નિરંજન ઝાંઝમેરા, રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષ નિરવ શાહ, નેતા શાસક પક્ષ કિશોર બિંદલ સુરત મહાનગરમાં વસતા પારસી ભાઈઓ તથા બહેનોને પેતીતના પવિત્ર તહેવાર નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ તાપી માતાની આરતીનાં કાર્યક્રમનું આયોજન બાબત :–



સુરત મહાનગરપાલિકા "સ્વચ્છ સુરત", "સુંદર સુરત" ને વરેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા અવાર નવાર સફાઈ અભિયાન હેઠળ શહેરમાં સાફ સફાઈ કરાવવામાં આવે છે. સ્વાતંત્ર્ય દિન ઉજવણીના ઉપલક્ષ્યમાં તથા આગામી આવતા તહેવારોને ધ્યાને લઈ સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ તાપી માતાની આરતીનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ તે પહેલા

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૪ની ઉજવણી :–



ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૪ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૮/૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પશ્ચિમ ઝોન (રાંદેર) : ટી.પી.સ્કીમ નં.–૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.–૧૩૨, જયોતીન્દ્ર દવે ગાર્ડન(જોગાણી નગર ગાર્ડન)ની બાજુમાં હનીપાર્ક રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની ખુશનમા પ્રભાતે રાંદેર ઝોન વિસ્તારમાં

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૪૦ (લિંબાયત–ડિંડોલી), ૪૧ (ડિંડોલી)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3"></td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">(૧) ૪૦ (લિંબાયત–ડિંડોલી)–ફા.પ્લોટ નં.૩/સી<br>(૨) ૪૧ (ડિંડોલી)–ફા.પ્લોટ નં.૧૧/બી,૪૦/એ</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">(૧) ૪૦ (લિંબાયત–ડિંડોલી)–ફા.પ્લોટ નં.૩/સી સબ પ્લોટ નં.૨૬,૨૭ (૨) ૪૧ (ડિંડોલી)–ફા. પ્લોટ નં.૧૧/બી, સબ પ્લોટ નં.૧૪૬ થી ૧૫૦ અને ફા.પ્લોટ નં.૪૦એ, સબ પ્લોટ નં.૮,૯,૧૦</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3"></td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">રહેઠાણ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>(૧)૨૪ × ૪૨</td><td>૧૦૦૮</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>(૨)૪૫ × ૩૦<br>૩૦ × ૨૭</td><td>૧૩૫૦<br>૮૧૦</td></tr>
<tr><td>બીજોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>ચોથોમાળ</td><td></td><td></td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">(૧) મહંમદ ઈરશાદ શેખ</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">જાતે તપાસ કરવામાં આવેલ</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">(૧) ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત–ડિંડોલી)ના ફા.પ્લોટ નં.૩/સી મા આવેલ છત્રાપતી શિવાજી નગરનાં પ્લોટ નં.૨૬,૨૮ નાં ગ્રાઉન્ડ ફલોર પર મંજુરી વગર ૨૪ × ૪૨ નાં માપ વિસ્તારમાં કરવામાં આવેલ સટરીંગ અને સેન્ટીંગ દુર કરવામાં આવેલ છે.<br>( ૨) ટી.પી.સ્કીમ નં. ૪૧ (ડિંડોલી) ના ફા.પ્લોટ નં.૧૧/બી માં આવેલ મણીનગર વસાહત ના પ્લોટ નં.૧૪૬ થી ૧૫૦ માં પ્રથમ માળ પર મંજુરી વગર કરવામાં આવેલ આર.સી.સી.કોલમ સ્થળ પર દુર કરવામાં આવેલ છે.,તેમજ સદર ટી.પી.સ્કીમનાં ફા.પ્લોટ નં.૪૦/એ માં આવેલ ગંગા સાગર વસાહતના પ્લોટ નં.૮,૯,૧૦માં પ્રથમ માળ પર મંજુરી વગર કરવામાં આવેલ આર.સી.સી.કોલમ સ્થળ પર દુર કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૩</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૨૦</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">—</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન</td><td colspan="3">—</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">ઉપરોકત મિલ્કતદારો પાસે થી વહીવટી ચાર્જ રૂપે કુલ રૂપિયા ૪૫૦૦૦ વસુલ કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3"></td></tr>
</table>

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ફુલપાડા વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી બાબત :–

પૂર્વ (વરાછા) ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૭ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૪૩ માં આવેલ ''જય ગંગેશ્વર સોસાયટી'' નાં પ્લોટ નં.ડી/૩ તથા ડી/૪ નાં મિલકતદાર શ્રી છગનભાઈ રામજીભાઈ વીરડીયા દ્વારા તેઓની મિલકતમાં માર્જીનના ભાગમાં આશરે ૯૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારમાં છાપરાં બનાવી ગેરકાયદેસર રીતે વપરાશ શરૂ કરેલ. સદર ગેરકાયદેસર બાંધકામ આજરોજ વરાછા ઝોનનાં દબાણ ખાતાનાં તથા શહેર વિકાસ વિભાગનાં સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર સ્થળ ઉપર અગાઉ પણ સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વગર શરૂ કરેલ આર.સી.સી. કોલમ, ચણતરકામ વરાછા ઝોનનાં સ્ટાફ દ્વારા દુર કરવામાં આવેલ.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૩૯(ઉધના–લિંબાયત), ૩૩(ડુંભાલ) | | |
| ૨ | વિસ્તાર | | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | (૧) ૩૯(ઉધના–લિંબાયત),ફા.પ્લોટ નં.૩૨/બી<br>(૨) ૩૩(ડુંભાલ),ફા.પ્લોટ નં.૪૮ | | |
| | સબ પ્લોટ નંબર | (૧) ૩૯(ઉધના–લિંબાયત),સબ પ્લોટ નં.૧૨૫,૧૨૬<br>(૨) ૩૩(ડુંભાલ),સબ પ્લોટ નં.૮૮,૮૯ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | રહેઠાણ / કોમર્શીયલ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | (૧) ૨૪'×૪૦'<br>(૨) ૩૦'×૧૫' | (૧) ૯૬૦<br>(૨) ૪૫૦ |
| | | પ્રથમમાળ | | |
| | | બીજોમાળ | | |
| | | ત્રીજોમાળ | | |
| | | ચોથોમાળ | | |
| ૬ | માલિકનું નામ | (૧) યાકુબ આદમ પટેલ,(૨) નિતાબેન લાકડાવાલા | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | જાતે તપાસ કરવામાં આવેલ | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | (૧) ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત)ના ફા.પ્લોટ નં.૩૨/બી, રામનગર સોસાયટી પ્લોટ નં. ૧૨૫,૧૨૬ માં દુકાન બનાવવાના હેતુથી કરવામાં આવેલ દિવાલોનું ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ.<br>( ૨) ટી.પી.સ્કીમ નં. ૩૩ (ડુંભાલ) ના ફા.પ્લોટ નં. ૪૮ માં જલારામનગર સોસાયટી–૨, પ્લોટ નં. ૮૮,૮૯ માં દુકાન બનાવવાના હેતુથી કરવામાં આવેલ દિવાલોનું ચણતરકામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | ૫ | | |
| | બેલદારની સંખ્યા | ૨૦ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન | – | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ઉપરોકત મિલ્કતદારો પાસે થી વહીવટી ચાર્જ રૂપે કુલ રૂપિયા ૧૫૦૦૦ વસુલ કરવામાં આવેલ છે. | | |
| ૧૩ | અન્ય માહિતી | – | | |

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં  તા.૦૮/૦૮/૨૦૧૪ ના રોજ  ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છેઃ–

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

(૧)   સાઉથઝોન(ઉધના) માં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન) માં ફા.પ્લોટ નં.૧૮ માં આવેલ ધમણવાલા ઈન્ડ.સોસાયટીમાં જુની હયાત દુકાનો તોડીને નવી દુકાનો બનાવવાનુ શરૂ કરતા તે ધ્યાને આવતા કામ બંધ કરાવીને મિલ્કતદારોને મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. જે અવગણીને મિલ્કતદાર દ્વારા કામ ચાલુ રાખતા આજરોજ સદર મિલ્કતનું ૨૫૦૦ ચો.ફુટ ભાગમાં આર.સી.સી.તેમજ ચણતરકામ દુર કરવામાં આવેલ છે. વધુ ડિમોલીશનની કાર્યવાહી હાલ ચાલુ છે.

TOP

## વર્કશોપના આયોજન બાબત :–




એસોસીએશન ઓફ મ્યુનિસીપાલિટીઝ એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી (AMDA), દિલ્હી દ્વારા સુરત મહાનગરપાલિકા અને સુડાના સહયોગથી તા.૭ અને ૮ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ ધી ગેટ વે હોટલ, સુરત ખાતે "Innovative Initiatives in IT for Urban Local Bodies and Development Authorities" વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. વર્કશોપનો હેતુ મ્યુનિસીપાલિટીઝ અને શહેરી વિકાસ સત્તામંડળને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં નવી તકનીકની જાણકારી આપવા બાબતનો હતો, જેને કારણે સ્થાનિક સત્તામંડળને ફરીયાદ નિવારણ, ટ્રાન્સપોર્ટેશન, પાણી પુવરઠો, ગટર વ્યવસ્થા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, નાગરીકની ફરીયાદ તથા પ્રોપર્ટી ટેક્ષ પેમેન્ટનું ઓનલાઈન રજીસ્ટ્રેશન વિગેરે બાબતોમાં ત્વરીત નિર્ણય લેવામાં ઉપયોગી અને અસરકારક થઈ શકે. વર્કશોપમાં દેશની અન્ય મહાનગરપાલિકા તથા સ્થાનિક સત્તામંડળના ઉચ્ચ અધિકારીઓ તેમજ સુરત મહાનગરપાલિકા અને સુડાના અધિકારીઓએ હાજર રહયા હતા, વર્કશોપના પ્રારંભે આવકાર પ્રવચન બોમબ ના ચેરપર્સન, શ્રી નૈની જયસિલન આઈ.એ.એસ.એ કર્યુ હતુ અને નીચે મુજબના પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યા હતા.

(૧) " Innovative IT use in banking for ULBs and Development Authorities" - શ્રી અશોકકુમાર, ગવર્મેન્ટ બેંકીંગ ગ્રૂપ, આઈ.સી.આઈ.સી.આઈ.બેંક.

(૨) "Use of Mobile Analytics and Data Analytics in ULBs and Development Authorities" - શ્રી અશ્વિની સુમન, એમ.ડી., એસ ઈન્ડીયા પ્રા.લી., હેદ્રાબાદ

(૩) " Walkbility app Empowering people" - શ્રી પાર્થા બાસુ, ડાયરેકટર કલીનએર એશીયા, દિલ્હી

(૪) " Application of GIS in property tax collection" - શ્રી યુ.એ.વસંથારાવ, જીએમ ફાઈનાન્સ, બેંગ્લોર.

(૫) " E-Governance at SMC for improved Service Delievery"- શ્રી મિલિંદ તોરવણે, મ્યુ.કમિશનર, સુરત મહાનગરપાલિકા.

(૬) " GIS for Urban Areas" - શ્રી વસંતકુમાર, Geo Spatial Delhi Ltd, NCT Delhi.

(૭) "Advance IT Initiatives by Ghaziabad Development Authorities" - શ્રી એન.કે.જોહરી, આઈ.ટી. હેડ, ગાઝીયાબાદ, ડેવલપમેન્ટ ઓથોરીટી.

(૮) શ્રી પવનકુમાર, એડીશનલ કમિશનર, સાઉથ દિલ્હી મ્યુ.કોર્પોરેશન ધ્વારા પ્રેઝન્ટેશન

ઉપરોકત પ્રેઝન્ટેશન દરમ્યાન સુરત મહાનગરપાલિકા તરફથી રજુ કરવામાં આવેલ પ્રેઝન્ટેશન પ્રસંશનીય રહયુ હતુ અને ઈ–ગવર્નન્સ, એમ–ગવર્નન્સ તથા મોબાઈલ એપ્લીકેશન ધ્વારા શહેરના નાગરીકોને આપવામાં આવતી સુવિધાઓ, તેમની ફરીયાદનું નિવારણ વિગેરે બાબતોમાં સુરત મહાનગરપાલિકા તરફથી કરવામાં આવતી કામગીરીને હાજર રહેલ પ્રતિનિધિઓ તરફથી બિરદાવવામાં આવી હતી અને સુરત મહાનગરપાલિકા ધ્વારા નાગરીકોને સુવિધા અંગે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો કરવામાં આવેલ ઉપયોગને અન્ય મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળ અનુકરણ કરે તેવું સૂચન કરવામાં આવ્યું હતુ, અંતે વર્કશોપને સફળ બનાવવા સુરત મહાનગરપાલિકા તરફથી થયેલ કામગીરીને પણ વખાણવામાં આવી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા કરવા બાબત :–

સુરત મહાનગરપાલિકાના વિકાસના કામોએ નડતરરૂપ રેલ્વેલાઈન ના કારણે અટકી રહેલા રેલ્વેઓવર બ્રીજ, રેલ્વે અંડરબ્રીજ તથા રેલ્વે વિભાગના અન્ય પડતર પ્રશ્નો ના નિરાકરણ લાવવા / ચર્ચા કરવા સારૂ આજરોજ તા. ૦૬/૦૮/૨૦૧૪ ના રોજ મા. રેલ્વે મંત્રીશ્રી સંદાનંદા ગૌડા તથા મેમ્બર એન્જીનીયરીગ શ્રી ગુપ્તા ની સમક્ષ સાસંદશ્રી સી.આર.પાટીલ, તેમજ સાસંદશ્રી દર્શનાબેન જરદોશની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકા ના મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મ્યુ.કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે અને સીટી ઈજનેરશ્રી જતિન શાહ ની ટીમે રેલ્વે વિભાગ સાથેના વિવિધ પ્રશ્નોનું પ્રેજન્ટેશન કરવામાં આવેલ હતું.

ઉકત પ્રેજન્ટેશન અન્વયે રેલ્વે વિભાગ ધ્વારા રેલ્વે કલવર્ટ નં. ૪૪૫ (સહારા દરવાજા) પાસે પુશીંગ મેથડથી બોક્ષ કલવર્ટ બનાવવાનાં કામનું નબમ મંજુર કરવામાં આવેલ છે. જે અંગે અત્રેથી સુરત મહાનગરપાલિકા ધ્વારા ટેન્ડર બહાર પાડી કામગીરી હાથ ધરવામાં આવશે. કામ પુર્ણ થયેથી સુરતની જનતાને સદર ગરનાળામાં ટપકતાં ગંદા પાણીના ત્રાસમાંથી મુકિત મળશે, રેલ્વે કલવર્ટ નં. ૪૩૭ પર લિંબાયત અને ઉધનાને જોડતો આર. ઓ.બી.બનાવવાના કામનું નબમ રેલ્વે વિભાગ ધ્વારા મંજુર કરવા માટેની કાર્યવાહી અગ્રતાક્રમે હાથ ધરેલ છે. જેને ટુંક સમયમાં મંજુર કરવામાં આવશે. સુરત–ભુસાવલ રેલ્વે લાઈન પર એલ.સી.–૩ અને ૩–સી. નજીકથી આર.સી.સી. બોક્ષ મારફત પાણીની પાઈપ લાઈન પસાર કરવાનુ કામ ઘણા સમયથી રેલ્વે વિભાગની મંજુરી માટે રજુ કરવામાં આવેલ. તેને પણ રેલ્વે વિભાગ ધ્વારા પરવાનગી આપવામાં આવેલ છે. સદર કામના રૂા.૪.૮૩ કરોડના ટેન્ડર મંજુર કરવામાં આવેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા સ્થળ પર કામગીરી તાકીદે હાથ ધરવામાં આવશે. જે કામ પુર્ણ થયેથી લીંબાયત ઝોનનાં દક્ષિણ–પુર્વ તરફનાં ગોડાદરા –ડીંડોલી,પરવત, નવા સમાવિષ્ટ વિસ્તારમાં વસતા અંદાજે ૫ લાખની વસ્તીને પાણી પુરવઠો પુરો પાડી શકાશે.

TOP

## સુરત શહેરી વિકાસ સત્તા મંડળની ૨૩૪ મી બોર્ડ બેઠક તા.૦૮/૦૮/૨૦૧૪ બાબત :–

સુરત શહેરી વિકાસ સત્તા મંડળની ૨૩૪ મી બોર્ડ બેઠક તા.૦૮/૦૮/૨૦૧૪ના રોજ સુડા કચેરી ખાતે યોજાયેલ હતી. બેઠકમાં સુડાના ચેરમેનશ્રી, કલેકટરશ્રી, જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેશ્રી, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી હાજર રહેલ સદરહું બેઠકમાં સુડાના આઉટર રીંગરોડના અમલીકરણ માટે એસ.પી.વી.ના રચના કરવા બાબત તેમજ પેઈડ એફ.એસ.આઈ.ના દરોમાં વધારો કરવા અંગે નિર્ણયો લેવામાં આવેલ.

સુડાના આઉટર રીંગરોડ અને તેને સંલગ્ન નગર રચના યોજનાઓમાં સમાવેશ થતા વિસ્તારનો આંતરરાષ્ટ્રીય સ્તરનો વિકાસ કરવાનો હોય તથા સદર પ્રોવેકટનો વ્યાપ ખુબ મોટો હોવાથી અને પ્રસ્તાવિત વિસ્તાર સુડા તથા સુરત મહાનગરપાલિકાના વિસ્તારને સાંકળતો હોય પ્રોજેકટના સંચાલન માટે ખાસ સંસ્થાની રચના કરવી જરૂરી જણાયેલ. તેથી સુડાના ૯૦ મીટરના આઉટર રીંગરોડ તેમજ ૧૧ ટી.પી.સ્કીમના વિસ્તારના વિકાસ માટે સ્પેશ્યલ પર્પઝ વ્હીકલ (એસ.પી.વી.) તરીકે સંસ્થા / સત્તા મંડળ / કંપની વિગેરેની રચના કરવા તેમજ સદર એસ.વી.પી. દ્વારા પ્રસ્તાવિત પ્રોજેકટનો સંપૂર્ણપણે વિકાસ તથા સંચાલન હાથ ધરવા વિગેરેની સંલગ્ન તમામ કામગીરી માટે રાજય સરકારશ્રીની મંજુરી મેળવવાનું નકકી કરવામાં આવ્યું.

વધુમાં સુડાના હાલે અમલી જી.ડી.સી.આર મુજબ વધારાના એફ.એસ.આઈ માટે લેવામાં આવતા એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જના દરો ૬ વર્ષ કરતા વધુ સમયથી અમલમાં હોય તથા દરમ્યાન માળખાકીય સુવિધાઓ માટેના બાંધકામ ખર્ચમાં ઘણો બધો વધારો થયેલ હોય એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જના નવા દરો નકકી કરવામાં આવેલ જે મુજબ જમીનના વપરાશના હેતુ મુજબ જમીનની અમલી જંત્રીના દરના ૪૦% પ્રમાણે મંજુર પેઈડ એફ.એસ.આઈ સામે સુચવેલ સુચિત બાંધકામના પ્રતિ ચો.મી. વધારાના બાંધકામ ક્ષેત્રફળ ઉપર, જયારે ઓદ્યૌગિક બાંધકામના કિસ્સામાં જમીનના અમલી જંત્રીના દરના ૫૦% મંજુર પેઈડ એફ.એસ.આઈ. સામે સુચવેલ સુચિત બાંધકામના પ્રતિ ચો.મી. વધારાના ક્ષેત્રફળ ઉપર લેવાનું પરંતુ નગર રચના યોજના વિસ્તાર માટે ઓછોમાં ઓછા રૂા.૩૦૦૦/– પ્રતિ ચો.મી. અને અન્ય વિસ્તારમાં ઓછામાં ઓછા રૂા.૨૦૦૦/– પ્રતિ ચો.મી., પ્રમાણે સુરત મહાનગરપાલિકા વિસ્તાર સહિતના સુડા વિસ્તારમાં રજુ થતા નવા પ્રકરણોમાં તેમજ રકમ ભરવાની બાકી હોય તેવા ચાલુ તમામ પ્રકરણોમાં પણ તાત્કાલિક અસરથી વસુલ લેવા નકકી કરવામાં આવ્યું.

TOP

## એકઝીકયુટીવ કમિટિની મીટીંગ બાબત :–

એકઝીકયુટીવ કમિટિની મીટીંગ તા.૦૮–૦૮–૨૦૧૪નાં રોજ સાંજે ૬–૩૦ કલાકે સ્મીમેર મેડીકલ કોલેજનાં ''ડી'' બ્લોકમાં આવેલ કાઉન્સીલ હોલમાં રાખવામાં આવેલ. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહેલ.

(૧) માન.મેયરશ્રી, (શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા) ચેરમેન–એકઝીકયુટીવ કમિટિ, સુરત મહાનગરપાલિકા
(૨) માન.કમિશ્નરશ્રી, (શ્રી મિલીન્દ તોરવણે) સુરત મહાનગરપાલિકા
(૩) ડે.મેયરશ્રી, (શ્રી રંજનબેન વેકરીયા) સુરત મહાનગરપાલિકા
(૪) અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ, (શ્રી નિરવભાઈ શાહ) સુરત મહાનગરપાલિકા
(૫) શાસક પક્ષના નેતાશ્રી, (શ્રી કિશોરભાઈ બિંદલ) સુરત મહાનગરપાલિકા
(૬) વિરોધ પક્ષના નેતાશ્રી, (શ્રી બાબુભાઈ રાયકા) સુરત મહાનગરપાલિકા
(૭) અધ્યક્ષશ્રી, રૂ.વૈ.રા. એ તં.વ.સમિતિ, (ડો. રવિન્દ્રભાઈ પાટીલ) સુરત મહાનગરપાલિકા
(૮) અધ્યક્ષશ્રી, આરોગ્ય સમિતિ, (શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા) સુરત મહાનગરપાલિકા
(૯) ડે.કમિશ્નરશ્રી (પ્લાનીંગ અને ડેવલપમેન્ટ), (શ્રી જે.એમ.પટેલ) ડે.કમિશ્નરશ્રી(ફા) (શ્રી શરદભાઈ મહેતા) / ડીનશ્રી (ડો.કલ્પના દેસાઈ) / ઈ.ચા.મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (ડો.વંદના દેસાઈ) / આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે. અને હો.) (ડો.હેમંતભાઈ દેસાઈ), સુરત મહાનગરપાલિકા
(૧૦) ડો.ગીરીશભાઈ શાહ, મેડીકલ એક્ષ્પર્ટ
(૧૧) ડો.પ્રફુલભાઈ છાસટીયા, મેડીકલ એક્ષ્પર્ટશ્રી

આજરોજની એકઝીકયુટીવ કમિટિની મીટીંગમાં સ્મીમેર મેડીકલ કોલેજને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયા ધ્વારા ૧૫૦ એમ.બી.બી.એસ.ની બેઠકોની મળેલ માન્યતાને ફાઈનલ રેકગનીશનની મંજુરી મળેલ છે, સ્મીમેર હોસ્પીટલ ખાતે લીકવીડ ઓકિસજન ટેન્કની સુવિધા ઉપલબ્ધ કરવા માટેનું કામ મંજુર રાખવામાં આવ્યું. જે થવાથી વાર્ષિક આશરે ૨૫ થી ૩૦ લાખની બચત થઈ શકે, સ્મીમેર ખાતે ભવિષ્યમાં ફોરેન્સીક મેડીસીન વિભાગમાં મૃતદેહો મુકવાની સુવિધાને અદ્યતન તેમજ તેની કેપેસીટી વધારવા માટે કોલ્ડ સ્ટોરેજ રૂમનું પ્રયોજન થનાર છે અને સ્મીમેર હોસ્પીટલ ખાતે ચાલતા મેડીકલ સ્ટોરમાં ઓછા ભાવે દવા મળે તે માટે જેનેરીક દવાઓની યાદી મુકવામાં આવશે તથા ભાવ નિયંત્રણ માટેના જરૂરી પગલા લેવામાં આવશે તેમજ ઈએનટી, ઓપ્થલમોલોજી વિભાગમાં પેશન્ટોની સારવારામાં વધારો થાય તેવા સાધનોના ખરીદીના કામને મંજુર રાખવામાં આવ્યું.

TOP

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનન આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંથ વિભાગ દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશ :–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.મોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન સંલગ્ન ખટોદરા વોર્ડ વિસ્તાર તથા અલથાણ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે ૬૪ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૪૯ સફાઈ કામદારો, ૨૯ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૧૫ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૩૯ ઈસમો પાસેથી રૂા.૩૨,૪૫૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ તેમજ આકારણી વિભાગ દ્વારા રૂા.૫,૬૪,૩૨૧/– વેરા વસૂલાત લેવામાં આવેલ. સદર કાર્યક્રમમાં રસ્તા વિભાગ, ડ્રેનેજ વિભાગ, ગુમાસ્તા વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ, ગાર્ડન વિભાગ, લાઈટ વિભાગને લાગત કામગીરી પણ કરાવવામાં આવેલ છે. સદર ઝુંબશમાં મા.કમિશનરશ્રીએ પણ હાજર રહી ાર્ગદર્શન આપેલ હતું.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૧/૦૮/૨૦૧૪ના રોજ ડિમોલેશન કરવાની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે :–

સાઉથ ઝોન (ઉધના)માં એડી. સીટી ઇજનેરશ્રી સુચના અન્વયે અને કાર્યપાલક ઇજનેરશ્રીની માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળે ડિમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં સુચિત ડ્રા. ટી.પી. સ્કિમ નં ૫૮ (બમરોલી) બ્લોકનં ૨૮૩, પ્લોટનં ૭૭ થી ૮૪ ઉમીયાધામ ઇન્ડ. બેકાવાલા કંમ્પાઉન્ડમાં સક્ષમસતાધીશની મંજુરી વગર બાંધકામ ચાલતુ હોવાનું ધ્યાને આવતા અત્રેથી તા.૦૩-૦૫-૨૦૧૪ના રોજ ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન મિલ્કતદાર/કબજેદાર તરફથી બાકી રહેલ બાંધકામ સ્વૈછિક રીતે દુર કરવા સંમતિ દર્શાવેલ. જે બાહેધરીનો અમલ ન કરતા તથા બાંધકામ બાબતે વારંવાર ફરીયાદ મળતા અત્રેથી તા.૧૧-૦૮-૨૦૧૪ના રોજ આશરે ૮૯૦૦ ચો.ફુટના આર.સી.સી બીમ, કોલમ, સ્લેબ સહિતનું બાંધકામ પોકલેઇન મશીનની મદદથી જમીનદોષ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

# રાખી મેલા–૨૦૧૪

## મિશન મંગલમ્ યોજના (ગ્રામીણ – શહેરી ) હેઠળ કાર્યરત બહેનોના જુથો ધ્વારા રાખડી તેમજ ઉત્પાદીત અન્ય ચીજવસ્તુઓનું વેચાણ :–

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતાને ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવંતા બનાવવાના ભાગરૂપે રક્ષાબંધનના પવિત્રપર્વ નિમિત્તે રાખડી અને અન્ય સંબંધિત ચીજવસ્તુઓના વેચાણ માટે સીધુ બજાર મળી રહે તેમજ મહિલાઓના રચાયેલ સખી મંડળોને આર્થિક ટેકો મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના વિવિધ કુલ–૧૬ સ્થળોએ **કુલ–૬૮ સ્ટોલ મારફતે મહિલા જુથો ધ્વારા** ઉત્પાદિત/ વેચાણ થતી રાખડી તેમજ અન્ય ચીજ–વસ્તુઓનું વેચાણ તા.૩/૮/'૧૪થી શરૂ કરવામાં આવેલ. મહાનગરપાલિકાના સશકિતકરણ અંગેના પ્રયત્નોને 'રાખી મેલા' થકી વેગવંતા બનાવવાના પ્રયાસને સુરતના શહેરીજનો ધ્વારા ખુબ જ સારો પ્રતિસાદ મળેલ છે. જેથી તા.૩/૮/૧૪ થી તા.૯/૮/૧૪ સુધી યોજાયેલ ''રાખી મેલા''માં સખી મંડળો ધ્વારા કુલ–૧૩,૩૬૦૦૦/–નું વેચાણ થયેલ છે. આ રાખી મેલા દરમ્યાન સ્ટોલ મુકવામાં આવેલ તમામ ૧૬ સ્થળોએ રાખડી તેમજ અન્ય ચીજ વસ્તુઓની સુરત શહેરના નાગરીકો ધ્વારા ખરીદી કરી મહિલા જુથોને પ્રોત્સાહિત કરવામાં ખુબ મહત્વનો ભાગ ભજવેલ છે, શહેરીજનો તરફથી મળેલ ઉત્સાહજનક પ્રતિભાવથી મહિલા જુથોને આર્થિક પ્રવૃત્તિ કરવા માટે પ્રોત્સાહન મળેલ છે.

TOP

## પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ સરથાણા તથા કરંજ વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી :–

(૧) પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક), ફા.પ્લોટ નં. ૧૦/એ માં આવેલ કવિતા રો–હાઉસ વિ–૨ નાં પ્લોટ નં. ૬૨ તથા ૧૦૩ નાં મિલકતદારોએ મંજુર પ્લાન વિરૂધ્ધ મિલકતના ત્રીજા માળે આશરે ૨૦' × ૧૫' માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ. જે અન્વયે આજરોજ ઉકત ત્રીજા માળનું બંને મિલ્કતદારોનું મળી આશરે ૬૦૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસરનું બાંધકામ દુર કરી બંને મિલકતદારો દરેક પાસેથી રૂા. ૫૦૦૦/– મળી કુલ્લે રૂા. ૧૦૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ) ના ફા.પ્લોટ નં. ૫૫ માં આવેલ રંગઅવધૂત સોસાયટીના બંગલા નં. એ/૧૦ માં હયાત ગ્રાઉન્ડ ફલોર તથા બે માળના મકાન પર ત્રીજો માળ આશરે ૧૦૦૦.૦૦ ચો.ફુટ બાંધકામ તોડી પાડવામાં આવેલ છે.

(૩) ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ) ના ફા.પ્લોટ નં. ૮ પૈકી મઢુલી ચા વાળાનો આશરે ૫૦૦.૦૦ ચો.ફુટનો પતરાનો શેડ દુર કરવામાં આવેલ છે.

(૪) ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ) ના ફા.પ્લોટ નં. ૮૧ પૈકી સપના સોસાયટીના પરમસુખ એપાર્ટમેન્ટના રહીશોએ જઈતઈ લાઈનના દુર થયેલ ટાવરની જગ્યાએ પાર્કીંગ માટે કરેલ આશરે ૫૦૦.૦૦ ચો.ફુટનો પતરાનો શેડ દુર કરવામાં આવેલ.

ઉકત કામગીરી સીકયુરીટી સ્ટાફ તથા વરાછા ઝોનનાં સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

TOP

## " કર્મયોગી તાલીમ " :–

ગુજરાત સરકારશ્રીનાં " ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ પ્રોજેકટ " અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૨૫૦૦ થી ૩૦૦૦ અધિકારી/ કર્મચારીઓને તા.૧૧/૦૮/૨૦૧૪ થી તા.૦૯/૦૯/૨૦૧૪ દરમ્યાન દરરોજ અંદાજે ૧૦૦ થી ૧૧૫ અધિકારી/ કર્મચારીઓને કર્મયોગી તાલીમ આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે, જેનાં ભાગરૂપે આજરોજ તાલીમ શિબિરનાં પ્રથમ દિવસે મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા તથા અન્ય મહાનુભાવોનાં વરદ હસ્તે દિપ પ્રાગટય કરી કર્મયોગી તાલીમ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સૌપ્રથમ ડેપ્યુટી કમિશનરશ્રી સી. વાય. ભટ્ટ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરી શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતુ. માન. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ તાલીમ શિબિરનાં તમામ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી પ્રસંગોચિત વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકાનાં કર્મચારીઓ યોગ્ય અને સક્ષમ છે, જેઓને આ પ્રકારની કર્મયોગી તાલીમ થકી વધુ સક્ષમ બને તે માટે તેઓશ્રીએ અનુરોધ કર્યો હતો. તેમને ખાસ જણાવ્યુ હતું કે, દરેક વ્યકિત આજીવન વિદ્યાર્થી છે અને જીવનમાં દરેક તબકકે શીખતા રહેવું જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે આપણી સંસ્થા સેવા પુરી પાડતી સંસ્થા છે અને આવનાર ફરીયાદી / રજુઆત કરતાને યોગ્ય પ્રત્યુત્તર પાઠવવામાં આવે, તો તે યોગ્ય સંતોષ મેળવીને જશે, એ સંતોષકારક જવાબ આપવા યોગ્ય માર્ગદર્શન સાથે ચોકકસ પધ્ધતિ વિકસાવવા જો કર્મચારીઓ સક્ષમ થાય તો આ કર્મયોગી શિબિર સાર્થક થયેલી ગણાશે.

આ કર્મયોગી તાલીમ શિબિરમાં મુખ્યત્વે મોટીવેશન, સ્ટ્રેસ મેનેજમેન્ટ, પ્રજા સાથે સદવ્યવહાર, હકારાત્મક અભિગમ, આર.ટી.આઈ. એકટ, સીટીઝન ચાર્ટર એકટ, એબીસીડી રેકર્ડ મેનેજમેન્ટ, ઈન્ટર ડીપાર્ટમેન્ટ કો–ઓર્ડીનેશન, અને માઈન્ડ પાવર વિગેરે વિષયો આવરી લઈ કર્મચારીઓમાં કર્મયોગી ભાવના મુર્તિમંત કરવા તેમજ તેઓનાં વલણમાં પ્રજાલક્ષી બદલાવ લાવવા તથા તેમનાં વિધેયાત્મક અભિગમનાં નિરૂપણ માટે અને તેમની કામગીરી વધુ પરિણામલક્ષી બનાવવા કર્મયોગી તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવેલ છે.

અંતે પર્સોનેલ ઓફિસરશ્રી ભાવસારએ, તાલીમ શિબિરનાં ઉદઘાટન પ્રસંગે હાજર રહેવા બદલ મા. મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, ડે. કમિશનરશ્રી સી. વાય. ભટ્ટ તથા કર્મચારી મિત્રોનો આભાર વ્યકત કર્યો હતો.

TOP

## માહે જુલાઈ ૨૦૧૪ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુલાઈ ૨૦૧૪ દરમ્યાન ૪૦૧૫ ઈન્ડોર તથા ૪૪૦૫૩ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૨૬૩૬ તથા ૬૪૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૯૮૫૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા.ટી.બીના નવા ૮૦૨ અને જુના ૨૩૧૧ દર્દીઓ સહીત કુલ ૩૧૧૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૭૩ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૯૬૨ તથા આંખ વિભાગમાં ૨૪૯૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૯૪૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

<table>
<tr><td>૧</td><td>ટી.પી.સ્કીમ નંબર</td><td colspan="3">૬૧(પરવટ–ગોડાદરા)</td></tr>
<tr><td>૨</td><td>વિસ્તાર</td><td colspan="3">મંગલભવન સોસાયટી</td></tr>
<tr><td rowspan="3">૩</td><td>ફાયનલ પ્લોટ નંબર</td><td colspan="3">૧૭/બી</td></tr>
<tr><td>સબ પ્લોટ નંબર</td><td colspan="3">૯૩ તથા ૮૩,૮૪,૮૫</td></tr>
<tr><td>રીઝર્વેશન પ્લોટની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૪</td><td>કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર<br>(રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે)</td><td colspan="3">કોમર્શીયલ</td></tr>
<tr><td rowspan="6">૫</td><td rowspan="6">તોડવામાં આવેલ બાંધકામની વિગત<br>પ્લોટ નં. ૮૩,૮૪,૮૫<br>સેન્ટીંગ શટરીંગ ખોલ્યુ</td><td>માર્જીન</td><td>માપ(ફુટમા)</td><td>ચો.ફુટ(વિસ્તાર)</td></tr>
<tr><td>ભોયતળિયે</td><td>૩૫'×૩૫'</td><td>૧૨૨૫</td></tr>
<tr><td>પ્રથમમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>બીજોમાળ</td><td>૧૨'×૪૦'</td><td>૪૮૦</td></tr>
<tr><td>.ત્રીજોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>ચોથોમાળ</td><td>–</td><td>–</td></tr>
<tr><td>૬</td><td>માલિકનું નામ</td><td colspan="3">અનીલ દુબે</td></tr>
<tr><td>૭</td><td>આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૮</td><td>પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત</td><td colspan="3">મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા)માં ફા.પ્લોટ નં. ૧૭/બી માં આવેલ મંગલભુવન સોસાયટીના પ્લોટ નં. ૮૩,૮૪,૮૫ માં મિલ્કતદારો દ્વારા ત્રણગાળા ભેગા કરીને ભોયતળીયાનું સેન્ટીંગ કરવામાં આવેલુ જેનું અત્રેના સ્ટાફ દ્વારા ખોલી નાંખવામાં આવેલ અને ૨૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલવામાં આવેલ.<br>તેમજ સદર સોસાયટીના પ્લોટ નં. ૯૩ માં મિલ્કતદાર દ્વારા બીજામાળે ભાડે આપવા માટે ખોલીઓ પાડી કોમર્શીયલ બાંધકામ કરવામાં આવેલ જેને અત્રેના ૪૨૦ ચો.ફુટ જેટલો આર.સી.સી. સ્લેબ તેમજ ૫૦૦ ચો.ફુટ જેટલુ ચણતરકામ દુર કરવામાં આવેલ.</td></tr>
<tr><td rowspan="2">૯</td><td>તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા</td><td colspan="3">૩</td></tr>
<tr><td>બેલદારની સંખ્યા</td><td colspan="3">૧૬</td></tr>
<tr><td>૧૦</td><td>મશીન / વાહનની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૧</td><td>વસુલ કરવામાં આવેલ ડીમોલીશન<br>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">૨૦,૦૦૦/–</td></tr>
<tr><td>૧૨</td><td>ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત</td><td colspan="3">–</td></tr>
<tr><td>૧૩</td><td>અન્ય માહિતી</td><td colspan="3">–</td></tr>
</table>

TOP

## મહિલા સશકિત કરણ પખવાડીયા અંતર્ગત મહિલા સફાઈ કામદાર સુરક્ષા કાર્યક્રમ :–

માનનીય મુખ્ય મંત્રીશ્રીનાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ અંતર્ગત સુરત શહેર પોલીસ ઘ્વારા સુરત મહાનગરપાલિકા મહિલા સફાઈ કામદાર સુરક્ષા કાર્યક્રમનું આયોજન નોર્થઝોન (કતારગામ) નાં કતારગામ કોમ્યુનીટી હોલ ખાતે આજરોજ તા.૧૨/૦૮/૨૦૧૪નાં રોજ રાખવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં નોર્થઝોન (કતારગામ) નાં આરોગ્ય વિભાગનાં ૧૨૨ મહિલા સફાઈ કામદારોને પોતાની સુરક્ષા અંગે કઈ કઈ તકેદારી રાખવા પોતાના પર થતા વિવિધ પ્રકારનાં ગુનાહિત કૃત્ય વખતે શું શું કાળજી રાખવા અને કઈ કઈ રીતે પોતાની સુરક્ષા કરી શકાય અને આવા પ્રસંગે પોલીસ સ્ટાફની મદદ કઈ રીતે તાત્કાલિત મળી શકે એવા તમામ સુરક્ષા લક્ષી સશકિતકરણ અંગેનાં વિગતવાર સમજ અને જાગૃતિ કતારગામ પોલિસ સ્ટેશનનાં મહિલા પોલીસ સબ ઈન્સપેકટરશ્રી એસ.આર.ડામોર પુરી પાડી હતી.

આ સાથે કાર્યક્રમમાં કતારગામનાં પોલીસ હેડ કોન્સ્ટેબલ શ્રી રૂપસિંગ ફતેસીંહ હાજર રહેલ હતા. સુરત મહાનગરપાલિકાનાં નાયબ આરોગ્ય અધિકારી ડો.એસ.એસ.દાસ સાહેબે સ્વાગત, પ્રવચન અને કાર્યક્રમની જરૂરીયાત વિશે જાણ પુરી પાડી હતી. કાર્યક્રમનો સુરત મહાનગરપાલિકા ચીફ સેનેટરી શ્રી એન.એસ.ઠકકર, શ્રી પી.પી.પાતરાવાલા હાજર રહેલા હતા. અંતે આભાર વિધિ ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી એમ.જે.નવસારીવાલાએ કરી હતી.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ડીમોલીશનની કામગીરી બાબત :–

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ટી.પી.સ્કીમ નંબર | ૬૧ (પરવટ–ગોડાદરા) | | |
| ૨ | વિસ્તાર | મંગલભવન સોસાયટી | | |
| ૩ | ફાયનલ પ્લોટ નંબર | ૧૭/બી | | |
| | સબ પ્લોટ નંબર | ૯૩ તથા ૮૩,૮૪,૮૫ | | |
| | રીઝર્વેશન પ્લોટની વિગત | – | | |
| ૪ | કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામનો પ્રકાર (રહેઠાણ / કોમર્શીયલ / શૈક્ષણિક વિગેરે) | કોમર્શીયલ | | |
| ૫ | તોડવામાં આવેલ બાંધકામની વિગત<br>પ્લોટ નં. ૮૩,૮૪,૮૫<br>સેન્ટીંગ શટરીંગ ખોલ્યુ | માર્જીન | માપ(ફુટમા) | ચો.ફુટ(વિસ્તાર) |
| | | ભોયતળિયે | ૩૫'×૩૫' | ૧૨૨૫ |
| | | પ્રથમમાળ | – | – |
| | | બીજોમાળ | ૧૨'×૪૦' | ૪૮૦ |
| | | .ત્રીજોમાળ | – | – |
| | | ચોથોમાળ | – | – |
| ૬ | માલિકનું નામ | અનીલ દુબે | | |
| ૭ | આપવામાં આવેલ લેખિત / મૌખિક નોટીસની વિગત | – | | |
| ૮ | પ્રગતિ હેઠળ ડીમોલીશનની વિગત | મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧ (પરવટ–ગોડાદરા)માં ફા.પ્લોટ નં. ૧૭/બી માં આવેલ મંગલભુવન સોસાયટીના પ્લોટ નં. ૮૩,૮૪,૮૫ માં મિલ્કતદારો દ્વારા ત્રણગાળા ભેગા કરીને ભોયતળીયાનું સેન્ટીંગ કરવામાં આવેલુ જેનું અત્રેના સ્ટાફ દ્વારા ખોલી નાંખવામાં આવેલ અને ૨૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલવામાં આવેલ.<br>તેમજ સદર સોસાયટીના પ્લોટ નં. ૯૩ માં મિલ્કતદાર દ્વારા બીજામાળે ભાડે આપવા માટે ખોલીઓ પાડી કોમર્શીયલ બાંધકામ કરવામાં આવેલ જેને અત્રેના ૪૨૦ ચો.ફુટ જેટલો આર.સી.સી. સ્લેબ તેમજ ૫૦૦ ચો.ફુટ જેટલુ ચણતરકામ દુર કરવામાં આવેલ. | | |
| ૯ | તોડવા ગયેલ કર્મચારીની સંખ્યા | ૩ | | |
| | બેલદારની સંખ્યા | ૧૬ | | |
| ૧૦ | મશીન / વાહનની વિગત | – | | |
| ૧૧ | વસુલ કરવામાં આવેલ ડીમોલીશન ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | ૨૦,૦૦૦/– | | |
| ૧૨ | ડીપોઝીટ અથવા અન્ય વહીવટી ચાર્જની વિગત | – | | |
| ૧૩ | અન્ય માહિતી | – | | |

TOP

## સ્વાતંત્ર્યદિનની પુર્વ સંધ્યાએ તાપી નદી કિનારે આવેલ તમામ ઓવારા ઉપર તાપીમાતાની આરતીનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્યદિનની પુર્વ સંધ્યાએ તાપી નદી કિનારે આવેલ તમામ ઓવારા ઉપર તાપીમાતાની આરતીનો કાર્યક્રમ પદાધિકારીશ્રીઓ/ મ્યુ.સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં તા.૧૪/૦૮/૨૦૧૪ના રોજ સાંજે ૬:૩૦ કલાકે રાખવામાં આવેલ છે.જેમાં જાહેર જનતાને સમયસર ઉપસ્થિત રહેવા આગ્રહ ભર્યુ નિમંત્રણ છે. વધુમાં નીચે જણાવ્યા મુજબના ઓવારા પર મહાનુભાવો પણ ઉપસ્થિત રહી આરતી કરનાર છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | કુરૂક્ષેત્ર | ૧૪ | અમરોલી પુલના નાકે |
| ૨ | લંકાવિજય (અમરોલી) | ૧૫ | હનુમાન ટેકરી રાંદેર |
| ૩ | સિધ્ધ કુટિર | ૧૬ | પાલ ચઈતઈફ |
| ૪ | રામજી મંદિર (વરાછા ઝોન) | ૧૭ | ઉતરાણ |
| ૫ | ફૂલપાડાઅ૧ | ૧૮ | ડકકા ઓવારા |
| ૬ | વૈદ્વરાજ મહાદેવ | ૧૯ | નાવડી ઓવારા |
| ૭ | ફૂલપાડા—ર | ૨૦ | ડુમસ |
| ૮ | ડભોલી | ૨૧ | અંબિકાનિકેતન |
| ૯ | મોટી—વેડ (ભાગલ બાવા) | ૨૨ | ડુમસ (કાંદી ફળીયા) |
| ૧૦ | ઈસ્કોન મંદિર | ૨૩ | રામનાથ ઘેલા |
| ૧૧ | રામજી મંદિર અડાજણ | ૨૪ | કરૂણાસાગર |
| ૧૨ | સરિતા સાગર | ૨૫ | મગદલ્લા |
| ૧૩ | કોઝ—વે | | |

TOP

## મહિલા સશકિતકરણ પ્રોગ્રામ બાબત :–

મહિલા સશકિતકરણ પ્રોગ્રામ અન્વયે સુરત મહાનગરપાલિકા અને પોલીસ કમિશનરશ્રીની કચેરી દવારા મહિલા સફાઈ કામદાર સુરક્ષા અને કાનૂની શિક્ષણ બાબતે આજે તા.૧૨/૮/૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં પ્રોગ્રામ કરવામાં આવેલ. મહિલા સફાઈ કામદારોને દરેક ઝોનમાં આવેલ નજીકના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર દવારા મહિલા સુરક્ષા અને કાનૂની શિક્ષણ આપવામાં આવેલ હતું.

આ પ્રોગ્રામમાં આશરે ૭૦૦ જેટલા મહિલા સફાઈ કામદારોએ ભાગ લીધો હતો તેમજ દરેક ઝોનના નાયબ આરોગ્ય અધિકારી અને આરોગ્ય સેનીટેશનના સુપરવાઈઝરી સ્ટાફ હાજર રહી પ્રોગ્રામને સફળ બનાવેલ.

TOP

## સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ ૨૦૧૪ની ઉજવણી :–

સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી અંતર્ગત તા.૧૫/૦૮/૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પશ્ચિમ ઝોન (રાંદેર) : ટી.પી.સ્કીમ નં.–૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.–૧૩૨, જયોતીન્દ્ર દવે ગાર્ડન(જોગાણી નગર ગાર્ડન)ની બાજુમાં હનીપાર્ક રોડ, અડાજણ, સુરત ખાતે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. ૬૮માં સ્વાતંત્ર્ય પર્વના સવારે ૯.૦૦ કલાકે રાંદેર ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે જોગાણીનગર પ્લોટ પરથી હનીપાર્ક રોડ થઈ પ્રાઈમ આર્કેડથી સહજ સુપર સ્ટોર્સ થઈ ધ્વજવંદન સ્થળે પહોંચી ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા આયોજીત વેશભૂષા, દેશભકિત ગીત, વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર, વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરનાર અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓને ઈનામ અને પ્રશંસાપત્ર તથા ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવનાર કર્મચારીઓના બાળકોને ઈનામ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. આ અવસરે ગતિશીલ ગુજરાત–૧૦૦ દિવસ અંતર્ગત ભરતીમેળા સંદર્ભે પસંદગી પામેલ વ્યકિતઓને જોબ અંગેના નિમણૂંક પત્ર આપવામાં આવશે. પર્યાવરણ બચાવવા વિકલાંગ સાયકલ લઈ દેશના પ્રવાસે જનાર પોલિયો અસરગ્રસ્ત યુવાનશ્રી ભાવેશભાઈ પિપલિયાને પ્રસ્થાન કરાવવામાં આવશે.

સ્વાતંત્ર્ય પર્વની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે રાંદેર ઝોન વિસ્તારની નગર પ્રાથમિક સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરો તથા ઝોન કચેરીઓને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણી કાર્યક્રમોમાં ભાગીદાર બની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

TOP

## હાલની ચોમાસાની ૠતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ નિવારવા ચાલુ હાલતમાં બાંધકામ ખાતેના મજૂરોમાં મેલેરિયા રોગના અટકાયતી પગલા લેવા બાબત :–

સમગ્ર શહેરમાં મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા મે. કમિશનરશ્રી તરફથી આદેશ કરવામાં આવેલ હોય, પશ્ચિમઝોન વી. બી. ડી. સી. વિભાગ તરફથી ગત અઠવાડીયા દરમ્યાન કુલ – ૮૨ (બ્યાંસી) બાંધકામો ચેક કરવામાં આવેલ. સદર બાંધકામોમાં કામ કરતાં મજૂરોના સર્વે દરમ્યાન કુલ – ૧૦ (દશ) મજૂરોને તાવ જણાતાં તાકિદે જરૂરી સારવાર આપી તેઓની સાથે કામ કરતાં અન્ય મજૂરો સહિત કુલ – ૩૭ (સાડત્રીસ) મજૂરોના લોહિના નમૂના મેલેરિયાના પરિક્ષણ માટે લેવામાં આવેલ.

વધુમાં પાલ ખાતે આવેલ ગેલેક્સી સર્કલ નજીક " મારૂતિ સુઝુકી " ના વર્કશોપ માટેના બાંધકામના બેઝમેન્ટમાં પુષ્કળ પ્રમાણમાં પાણીનો ભરાવો માલૂમ પડેલ. જેમાં મચ્છરજન્ય પરિસ્થિતિ ન થાય તે માટે તાત્કાલિક ધોરણે ઓર્ગેનાઝર પાસે ડીઝલ છંટકાવ કરાવડાવવામાં આવેલ અને વહિવટી પરચૂરણ ખર્ચ પેટે રૂ/– ૧૦,૦૦૦/– ( અંકે દસ હજાર પૂરા ) વસૂલવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આથી પશ્ચિમઝોન હદ સમાવિષ્ટ વિસ્તારના બાંધકામની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઓર્ગેનાઝરોને જણાવવાનું કે તમારા બાંધકામ ખાતે પાણીનો ભરાવામાં મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા આરોગ્ય વિભાગના કર્મચારી તરફથી આપવામાં આવતી સુચના મુજબ વર્તન કરીને જાહેર આરોગ્યલક્ષી સેવાના મહાઅભિયાનમાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

TOP

## S-Connect બાબત :–

સુરત શહેર વિસ્તારમાં આજદિન સુધી કોઈ કાર્યક્ષમ માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા ન હોવાને લીધે મુસાફરી માટે નાગરીકો ધ્વારા પોતાના વ્હીકલની વ્યવસ્થા કરેલ હોવાથી અંદાજે ૩૮ લાખ જેટલા વાહનો રજીસ્ટર્ડ થયેલા છે. જેમાં ૧ લાખ થી વધુ ઓટોરીક્ષાનો સમાવેશ થાય છે. જે ને લીધે ટ્રાફીકની સમસ્યા ખુબ જ જટીલ થઈ ગયેલ છે. ઉપરાંત થયેલ સર્વે મુજબ સુરત સીટીના એવરેજ ટ્રાવેલ સ્પીડ ૧૦ થી ૧૫ મીનીટ છે. જે ખુબ ઓછી હોવાથી નાગરીકોનો સમય તેમજ ફયુઅલ પેટે પૈસાનો ખુબ જ બગાડ થઈ રહેલ છે.

કાર્યક્ષમ, અધતન, ઝડપી, સુરક્ષિત તેમજ વાતાનુકુલિત માસ ટ્રાન્સપોર્ટેશન ની સુવિધા હેતુ સુરત મહાનગરપાલિકા ધ્વારા બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંતર્ગત સિટીલિંક બસ સેવા સુરતના નાગરીકોને અર્પણ કરવામાં આવેલ છે.જેના ભાગરૂપે સૌ પ્રથમ તૈયાર થયેલ ઉધના દરવાજા થી સચીન જી.આઈ.ડી.સી. સુધીનો ૧૦ કિ.મી.નો કોરીડોર પર સિટીલિંક બસ ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ. પ્રથમ માસમાં પ્રવાસીઓને પ્રોત્સાહન આપવા હેતુ મફત સેવા આપવામાં આવેલ. જે દરમ્યાન દૈનિક સરેરાશ ૧૩,૫૦૦ જેટલા નાગરીકોએ લાભ લીધેલ.

ત્યારબાદ ૧ લી માર્ચ ૨૦૧૪ થી કર્મશીયલ ઓપરેશન શરૂ કરવામાં આવેલ, જેમાં આજદિન સુધી સરેરાશ પ્રતિદિન પ્રવાસી સંખ્યા નીચે મુજબ છે.

| માસ | | સરેરાશ પ્રવાસી પ્રતિ દિન |
|---|---|---|
| માર્ચ–૨૦૧૪ | – | ૩૬૬૪ |
| એપ્રિલ–૨૦૧૪ | – | ૩૩૮૧ |
| મે–૨૦૧૪ | – | ૩૨૭૬ |
| જુન–૨૦૧૪ | – | ૩૭૪૮ |
| જુલાઈ–૨૦૧૪ | – | ૪૨૪૯ |
| ઓગષ્ટ–૨૦૧૪ | – | ૪૮૭૯ |
| (તા.૧ થી ૧૦ સુધી) | | |

આમ, પેસેન્જરોમાં દરેક મહિને ઉત્તરો ઉત્તર વધારો જોતાં સિટીલિંક બસ સુવિધા માટે નાગરીકો તરફથી ખુબ જ સારો પ્રતિસાદ મળી રહેલ હોવાનું જણાય છે. ઓગષ્ટ મહિનામાં અત્યાર સુધી સરેરાશ પ્રતિદિન ૪૮૦૦ કરતા વધુ પ્રવાસીઓએ સિટીલિંક સેવાનો લાભ લીધેલ છે. નોંધપાત્ર છે કે ૯ મી ઓગષ્ટના દિવસે ૫૩૭૫ તથા ૧૦મી ઓગષ્ટ (રક્ષાબંધન) ના દિવસે ૬૨૨૬ પ્રવાસીઓએ સિટીલિંક બસ સેવાનો આનંદ માણ્યો.

વધુમાં વધુ નાગરીકો સિટીલિંક બસ સેવાનો લાભ લે તે હેતુસર મે.કમિશનરશ્રી ના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગમાં નીચે મુજબ ના આયોજન અમલમાં મુકવાનું નકકી કરવામાં આવેલ છે.

બી.આર.ટી.એસ. કન્સેપ્ટ હેઠળ ચાલુ કરવામાં આવેલ સિટીલિંક બસ સેવા અને સુરત શહેર અંતર્ગત અન્ય વિસ્તારોમાં ચાલુ કરવામાં આવેલ સિટી બસ સર્વિસ (સી.બી.એસ.) ને જોડા કરવા હેતુ S-Connect (એસ કનેકટ) પ્લાન શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

S-Connect એટલે "સુરત–કનેકટ : સ્માર્ટ–કનેકટ"

(૧) S-Connect પ્લાન હેઠળ પ્રાયોગિક ધોરણે પ્રથમ તબકકામાં તા.૧૫ ઓગષ્ટ–૨૦૧૪ થી સિટીલિંક બસ (રેડ બસ) અને સિટી બસ સર્વિસ(સી.બી.એસ.–બ્યુ બસ) ને ઈન્ટીગ્રેડ કરી રેલ્વે સ્ટેશન થી ઉધના દરવાજા થઈ ખરવરનગર સુધી સિટી બસ (બ્લુ બસ), ખરવરનગર થી સચીન જી.આઈ.ડી.સી સુધી સિટીલિંક બસ(રેડ બસ)તેમજ સચીન જી.આઈ.ડી.સી. થી સચીન ગામ સુધી સીટી બસ(બ્યુ બસ) ચલાવવાનું નકકી કરવામાં આવેલ છે. જેમાં નાગરીકોએ સુરત રેલ્વે સ્ટેશન થી સચીન ગામ જવા સુધી એક જ ટીકીટ લેવાની રહેશે. હાલમાં ચાલુ બેઝીક ભાડાના ૨૫% ના ડીસ્કાઉન્ટ મુજબ સુરત રેલ્વે સ્ટેશન થી સચીન જી.આઈ.ડી.સી. સુધીના દર રૂા.૧૫/– રહેશે તેમજ સચીન ગામ સુધીના દર રૂા.૧૮/– રહેશે. જે શટલ ઓટોરીક્ષાના દર કરતા પણ ઓછા છે.

આમ, કિફાયતી દરે, ઝડપી, સુરક્ષિત અને તેમના જરૂરીયાતના સ્થળે જવા નાગરીકો S-Connect નો લાભ લઈ શકશે.



(૨) S-Connect હેઠળ બી.આર.ટી.એસ. તેમજ કનેકટેડ સીટી બસોની ફ્રીકવન્સી ૬ થી ૮ મીનીટ કરવામાં આવશે. જેથી નાગરીકોને સમયસર બસ સુવિધા મળી રહેશે.

(૩) હાલમાં, રૂા.૫૦/– ની કિંમતના સીટીલીંક ટ્રાવેલ કાર્ડમાં રૂા.૨૫/– નું ટોપઅપ કરી આપવામાં આવે છે. જે ઔદ્યોગીક એકમોમાં કામ કરતા કર્મચારીઓ બી.આર.ટી.એસ.બસની સેવાનો મહત્તમ લાભ લઈ સમયસર કામકાજના સ્થળે પહોંચે એ હેતુસર ઔદ્યોગીક એકમોને સીટીલીંકગ ટ્રાવેલ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. જેમાં પુરેપુરી રકમનું ટોપઅપ કરી આપવાનું આયોજન છે.

(૪) લોકભાગીદારી હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા સોસાયટીઓના આંતરીક ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો અંતર્ગત ઘર/ફલેટ દીઠ કોમ્પ્લીમેન્ટ્રી(વિના મૂલ્ય) સીટીલીંક ટ્રાવેલ કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે. જેમાં રૂા.૨૫૦/– જેટલુ બેલેન્સ તથા એક વર્ષની વેલીડીટી રહેશે. આ કાર્ડના ઉપયોગથી નાગરીકો બી.આર.ટી.એસ. બસ સેવાનો અનુભવ લેશે અને ચોકકસ થી કાયમી ધોરણે બી.આર.ટી.એસ.ના લાભ લેવા પ્રેરાશે.

(૫) બી.આર.ટી.એસ.કોરીડોરને લાગુ ૫૦૦ મીટર સુધીના અંતરે આવેલ રેસીડેન્સીયલ/કોર્મશીયલ ડેવલપરોને પણ યુનિટ દીઠ ઉપરોકત જણાવ્યા મુજબના કોમ્પ્લીમેન્ટ્રી(વિના મૂલ્ય)સીટીલીંક ટ્રાવેલ કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે. ઉપરાંત ડેવલપરોને તેમના ધ્વારા આપવામાં આવતી જાહેર ખબરો માં સિટીલિંકની વનટાઈમ ફ્રી ટીકીટ અંગેની કુપન આપવાનું આયોજન છે. આ કુપન ભર્યા બાદ સિટીલિંક કે કઢહઃઘ્ઘભ'ત ના કોઈ પણ બસ સ્ટેન્ડ પર જમા કરાવનારને મુસાફરી માટેની ફ્રી ટીકીટ ઈશ્યુ કરવામાં આવશે.


(૬) બી.આર.ટી.એસ.ના બસ સ્ટેશનો ખાતે બતો તથા ફુડ પેકેટના ઓટોમેટીક વેન્ડીંગ મશીનો મુકવાનું આયોજન છે. જેનો લાભ મુસાફરી દરમ્યાન લઈ નાગરીકો તેમના કીંમતી સમય બચાવી શકશે.

(૭) વિવિધ બેંકો સાથે સંકલન કરી ટ્રાવેલીંગ માટે કોમન કાર્ડ નો ઉપયોગ કરી શકાય તે માટે કાર્યવાહી હાથ ધરેલ છે.

(૮) સીટીલીંક ટ્રાવેલ કાર્ડ ધારકો ઈન્ટરનેટથી/મોબાઈલથી ટોપઅપ કરી શકે તેમજ વપરાશ અને બેલેન્સની SMS ધ્વારા જાણકારી મળે એ મુજબની સુવિધા ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

(૯) રેલ્વે સ્ટેશન તથા એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે મલ્ટી મોડ ટ્રાન્ઝીટ પ્લાઝા બનાવવામાં માટે સુરત મહાનગરપાકિાને રેલ્વે પ્રશાસન તથા ગુજરાત રાજય રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનને કન્સેપ્ટ પ્લાન મોકલી મંજુરી માંગવામાં આવી રહેલ છે. જે મળતા રેલ્વે તથા એસ.ટી.માં પ્રવાસ કરતા પ્રવાસીઓ સિટી બસ સેવા તથા સિટીલિંક બસ સેવા(બી.આર.ટી.બસ) નો લાભ સરળતાથી લઈ શકશે.

S-Connect પ્લાનમાં આવતા દિવસોમાં અન્ય વિસ્તારોને પણ આવરી લેવામાં આવશે. જેથી શહેરમાં પ્રવાસ હેતુ ઈન્ટીગ્રેટેડ પબ્લીક ટ્રાન્સપોર્ટની સુવિધા ઉપલબ્ધ કરી આપી શકાશે.




**TOP**

## નેચરપાર્ક (પ્રાણીસંગ્રહાલય) તથા મ્યુ. એકવેરિયમ :–

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ચાલુ મહિનામાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની સાથે સાથે અન્ય જાહેર રજાઓ આવી જતા રજાઓનું મીની વેકેશન સર્જાતા સ્થાનિકો, આજુબાજુના શહેરો, કસ્બા અને ગામોની જાહેર જનતાને નેચરપાર્ક (પ્રાણીસંગ્રહાલય) તથા અડાજણ પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમ નિહાળવાનો લાભ મળી રહે હેતુસર નેચરપાર્ક (પ્રાણીસંગ્રહાલય) તથા મ્યુ. એકવેરિયમ તમામ રજાઓ દરમ્યાન અને તા. ૧૮/૦૮/૨૦૧૪ નાં રોજ પારસી નવુ વર્ષ – પતેતી પર્વ તેમજ છડીનોમ નિમિત્તે જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે. જેની જનતાએ નોંધ લઈ પ્રાણીસંગ્રહાલય અને મ્યુ. એકવેરિયમની મુલાકાત લેવા મહાપાલિકાએ એક યાદીમાં જણાવ્યુ છે.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનનાં એડી.સીટી.ઈજનેરશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં આવેલ નારાયણનગર ઈન્ડ્રસ્ટ્રીયલ વિસ્તાર આંજણામાં કામગીરી કરાવવામાં આવી હતી.

આ અભિયાન દરમ્યાન ઉપરોકત વિસ્તારોમાં ખાધ–અખાધ ચીજવસ્તુઓ વેચતી સંસ્થા/લારી–ગલ્લાવાળા તેમજ ચા–કોફીના સ્ટોલવાળા વિગેરે ધંધો કરતાં કુલ આશરે–૭૩ સંસ્થાઓ ચેક કરવામાં આવી હતી. જેમાં ધંધાકીય કચરો, કાગળ,પ્લાસ્ટીક, ગંદુપાણી,પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઝભલા/થેલીઓ રાખવા બદલ  તેમજ આરોગ્યલક્ષી મુદ્દાઓનો અમલ ન કરવા માટે તેમજ ચા–કોફી સ્ટોલવાળાઓ પ્લાસ્ટીકનાં કપ, થેલીઓ ઉપયોગ કરતાં માલુમ પડતાં, દરેકને ચેતવણી /નોટીસ આપી તેઓ પાસે સાફ–સફાઈ કરાવવામાં આવી હતી. તેમજ કચરો નાંખવા માટે ઢાંકણવાળા ડસ્ટબીન રાખવા માટે સુચના આપી. તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક થેલીઓ/ ઝભલાઓનો ઉપયોગ ન કરવા માટે સમજ આપવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં આવેલ કુલ–૭૩ સંસ્થામાં આરોગ્યલક્ષી ક્ષતિઓ માલુમ પડેલ હોવાથી તેઓની પાસે રૂા.૪૩,૯૫૦/–નો વહીવટીચાર્જ વસુલાત કરી તથા કુલ–૧૩ કિલોગ્રામ અખાધ પદાર્થ નાશ તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક–૦૫ કિલોગ્રામ જપ્ત કરવાની કાર્યવાહી કરવામાં આવી

TOP

## સલાબતપુરા અને રાદેર કતલખાના તા.૧૭/૦૮/૨૦૧૪ ના દિવસે બંધ રહેવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં. ૨૬૧, તા. ૨૦–૦૨–૧૯૭૬ થી વિદિત થઈ, જન્માષ્ટમી (ગોકુળ આઠમ) પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાદેર કતલખાના તા.૧૭/૦૮/૨૦૧૪ ના દિવસે બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

TOP

## "S-Connect" પ્લાન બાબત :–

બી.આર.ટી.એસ. કન્સેપ્ટ હેઠળ ચાલુ કરવામાં આવેલ સિટીલિંક બસ સેવા અને સુરત શહેર અંતર્ગત અન્ય વિસ્તારોમાં ચાલુ કરવામાં આવેલ સિટી બસ સર્વિસ (સી.બી.એસ.) ને જોડાણ કરવા હેતુ "S-Connect" પ્લાન હેઠળ પ્રાયોગિક ધોરણે પ્રથમ તબકકામાં સિટીલિંક બસ (રેડ બસ) અને સિટી બસ સર્વિસ (સી.બી.એસ.–બ્યુ બસ) ને ઈન્ટીગ્રેડ કરી રેલ્વે સ્ટેશનથી ઉધના દરવાજા થઈ ખરવરનગર સુધી સિટી બસ (બ્લુ બસ), ખરવરનગર થી સચીન જી.આઈ.ડી.સી સુધી સિટીલિંક બસ(રેડ બસ)તેમજ સચીન જી.આઈ.ડી.સી. થી સચીન ગામ સુધી સિટી બસ(બ્યુ બસ) ચલાવવા આયોજન અંગે નાગરીકો તરફથી ખુખ જ ઉત્સાહ જોવા મળેલ છે. જે અંતર્ગત ૧૫ મી ઓગષ્ટ ૨૦૧૪ બાદથી ટ્રાયલ રન શરૂ કરવામાં આવનાર છે. જેમાં બસ શીડયુલ્ડ, ટિકિટનાં નમુના, હેન્ડ હેલ્ડ મશીનોનો ઉપયોગ વિગેરે સાથેની ટ્રાયલ પણ શરૂ કરવામાં આવનાર છે. વધુમાં, આ પ્લાન હેઠળ આ રૂટ પર કોઈપણ સ્થળે જવા માટે એક ટિકિટની સુવિધા માટે સિટી બસ તથા સિટીલિંક બસનાં સ્ટેશનનું ઈન્ટીગ્રેશન કરતું સોફટવેર વિકસાવવામાં આવી રહેલ આવેલ છે, જેનું પણ ટેસ્ટીંગ હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત સિટી બસ ઓપરેટર તથા સિટીલિંક ઓપરેટરને જે તે દિવસનાં હિસાબ તથા રેવન્યુ કલેકશન એ જ દિવસે મળી જાય એ બાબતનું રેવન્યુ શેરીંગ સોફટવેરનું પણ ટેસ્ટીંગ હાથ ધરવામાં આવેલ છે.

આમ તમામ ટ્રાયલ રન, ટેસ્ટીંગ બાદ ૧લી સપ્ટેમ્બર ૨૦૧૪ થી "S-Connect" ની સેવા નાગરીકો માટે ઉપલબ્ધ કરવામાં આવશે.

TOP

## તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ બંધ રહેવા બાબત :–

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ તા. ૨૨/૦૮/૨૦૧૪ થી તા. ૨૯/૦૮/૨૦૧૪ સુધી તેમજ અનંત ચતુર્દશી/ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૦૮/૦૯/૨૦૧૪ ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે.

TOP

## ''પતેતી શુભેચ્છા સંદેશ'' :–

મેયર નિરંજન ઝાંઝમેરા, રંજનબેન વેકરીયા, સ્થાયી સમિતિ અધ્યક્ષ નિરવ શાહ, નેતા શાસક પક્ષ કિશોર બિંદલ સુરત મહાનગરમાં વસતા પારસી ભાઈઓ તથા બહેનોને પેતીતના પવિત્ર તહેવાર નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવે છે.

TOP

## સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ તાપી માતાની આરતીનાં કાર્યક્રમનું આયોજન બાબત :–



સુરત મહાનગરપાલિકા ''સ્વચ્છ સુરત'', ''સુંદર સુરત'' ને વરેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા અવાર નવાર સફાઈ અભિયાન હેઠળ શહેરમાં સાફ સફાઈ કરાવવામાં આવે છે. સ્વાતંત્ર્ય દિન ઉજવણીના ઉપલક્ષ્યમાં તથા આગામી આવતા તહેવારોને ધ્યાને લઈ સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ તાપી માતાની આરતીનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ તે પહેલા શહેરના ૨૫ જેટલા ઓવારાઓની સઘન સાફ સફાઈ કરવામાં આવી હતી.

તા.૧૪/૦૮/૨૦૧૪ના રોજ સાંજે ૬:૩૦ કલાકે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, મા.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે અને અન્ય મા.મ્યુ.સભ્યશ્રીઓએ કતારગામ ઝોનમાં કોઝવે–જેટી ઓવારા ખાતે તાપી નદીની આરતી કરી. શહેરના બાકીના ઓવારા પર મા.ધારાસભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના મા.પદાધિકારીશ્રીઓ, મા.મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૪ની ઉજવણી :–



ભારતના રાષ્ટ્રીયપર્વ સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૪ની ઉજવણી સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫/૦૮/૨૦૧૪ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે પશ્ચિમ ઝોન (રાંદેર) : ટી.પી.સ્કીમ નં.–૧૩(અડાજણ), ફા.પ્લોટ નં.–૧૩૨, જયોતીન્દ્ર દવે ગાર્ડન(જોગાણી નગર ગાર્ડન)ની બાજુમાં હનીપાર્ક રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની ખુશનમા પ્રભાતે રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓની બેનરો, ટેબ્લોઝ અને સુત્રોચ્ચાર સાથેની પ્રભાતફેરી જોગાણીનગર પ્લોટ પરથી હનીપાર્ક રોડ થઈ પ્રાઈમ આર્કેડથી સહજ સુપર સ્ટોર્સ થઈ ધ્વજવંદન સ્થળે રેલી આકારે આવી હતી. સ્વાતંત્ર્ય દિવસની સવારે માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ જયોતીન્દ્ર દવે ગાર્ડનની બાજુના વિશાળ મેદાનમાં ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગીતની ધુન વચ્ચે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી.

મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ પ્રસંગોચિત્ત ઉદ્દબોધનમાં પ્રારંભે સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છા પાઠવી આઝાદીના શહીદોને યાદ કર્યા હતા. સુરત શહેરને સંજીવકુમાર ઓડિટોરિયમ અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું ભારત ખાતેનું શ્રેષ્ઠ મરીન એકવેરીયમ, રીવરફ્રન્ટ સાથે સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૭ વર્ષોમાં થયેલ રૂા.૫૭૫૧.૭૫ કરોડના કેપીટલ કામો અને ચાલુ વર્ષે રૂા.૨૪૭૫.૩૮ કરોડના કેપીટલ કામોની જોગવાઈનો ઉલ્લેખ કરી બી.આર.ટી.એસ. હેઠળ રસ્તાઓ તૈયાર કરવા, ભારતનો સૌ પ્રથમ ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વેસ્ટ વોટર રીસાઈકલીંગ પ્રોજેકટ દ્વારા આવક, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા વીજ ઉત્પાદન, નવા સીસી રોડ, જુદા જુદા વિસ્તારોમાં વોટર રીચાર્જીંગ, લેકગાર્ડન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે નર્મદ ભવનની પ્રતિકૃતિ જેવા કામો પ્રગતિ હેઠળ છે તેમ જણાવ્યું હતું. સાંસદશ્રી દર્શનાબેન જરદોષ અને સાંસદશ્રી સી.આર.પાટીલની ગ્રાન્ટમાંથી ફાયર સુવિધાઓ માટે એક–એક કરોડની ગ્રાંટ ફાળવ્યાનું જણાવ્યું હતું. વધુમાં મહાનગરપાલિકા દ્વારા વખતો વખત આયોજીત થતા કાર્યક્રમ, સ્પર્ધા, લોકાર્પણ, વિવિધ પ્રકલ્પ, સેવાઓ, વિગેરેની જાણકારી વધુને વધુ લોકોને મળી રહે તેમજ નાગરિકો અને મહાનગરપાલિકા સીધા સંપર્કમાં આવી શકે તે હેતુથી આવનાર સમયમાં ધઝબ્ત(બ્ઉઉળાબ'ભ્ખઃઃઋળતધ્ય્ત્ત્ભ્ન્ નો ઉપયોગ કરવાનુ આયોજન કરવામાં આવનાર છે.

બાદમાં ત્રિરંગી ફુગ્ગાઓને ગગનમાં વિહરતા કર્યા હતા. સ્વાતંત્ર્યદિન : ૧૫મી ઓગષ્ટ–૨૦૧૪ ઉજવણી અંતર્ગત યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર, વર્ષ દરમ્યાન સુરત મહાનગપાલિકાના ઝોન તથા વિવિધ ખાતાઓની ૫ ટીમોને, અધિકારી / કર્મચારીઓ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરી માટે ૫૫ અધિકારી/કર્મચારીઓને શીલ્ડ અને પ્રશંસાપત્ર, સુ.મ.પા.ના કર્મચારીઓના ધો.૧૦ અને ૧૨માં પ્રથમ પ્રયત્ને વધુ ગુણ મેળવાનર બાળકોને રોકડ ઈનામ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે કર્મચારીઓના આશ્રિતોને રહેમ રાહે નોકરી અંગેના નિમણૂંક પત્ર આપવામાં આવ્યા હતા. પર્યાવરણ બચાવવા વિકલાંગ સાયકલ લઈ દેશના પ્રવાસે જનાર પોલિયો અસરગ્રસ્ત યુવાનશ્રી ભાવેશભાઈ પિપલિયાને ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વના ધ્વજવંદનની સાથે શહેરીજનોએ રાંદેર ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યકમને પણ મન ભરીને માણ્યો હતો. અંતે ''ભારત માતા કી જય''ના ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

સ્વાતંત્ર્યદિનની પૂર્વ સંધ્યાએ આગામી તહેવારોને ધ્યાને લઈ, શહેરના ૨૫ ઓવારાની વિશેષ સફાઈ અભિયાન હાથ ધરી તાપી માતાની આરતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા જયોતીન્દ્ર દવે ગાર્ડનની બાજુના મેદાન–ધ્વજવંદન કાર્યક્રમ સ્થળે ફ્રી–મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે રાત્રે આ વિસ્તારની વોર્ડઓફિસ વિગેરેને રોશનીથી શણગારવામાં આવ્યા હતા.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં માન. ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રીમતી રંજનબેન વેકરિયા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિરોધ પક્ષના નેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહથી ભાગ લીધો હતો.

TOP